# ગુજરાત સાહિત્ય અકાદમી

**ગુજરાત સાહિત્ય અકાદમી,**
જુનુ વિધાનસભા ભવન,
ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૭.
૨૨૪૮૦ / ૨૬૮૯૭
ક્રમાંકઃ ગસઅ-શ્રપઇ-

પ્રતિ, શ્રી. ...............................
...............................
...............................
...............................

તારીખ :- ...............................

વષય : **ગુજરાતી ભાષામાં લખાયેલાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં પ્રૌઢ તથા બાળકો માટેના પુસ્તકોને પારિતોષિક આપવાની સ્પર્ધા.**

સંદર્ભઃ- આપનો તા. ...................... નો પત્ર

શ્રીમાન, ...............................
મહાશય,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, આ સાથે ઉત્તમ ગુણવત્તાવાળાં ગુજરાતી ભાષાના પુસ્તકોની સ્પર્ધાના નિયમો તથા આવેદનપત્ર મોકલવામાં આવે છે.

1 સ્પર્ધા માટેના આવેદન સાથે પુસ્તકની બે નકલ વિનામૂલ્યે મોકલવાની રહેશે.
2 આ સ્પર્ધા આ સાથેના નિયમોને તથા શરતોને આધિન રહેશે.
3 દરેક પુસ્તક માટે અલગ અલગ આવેદનપત્ર ભરવાનું રહેશે.
4 પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખઃ ................... છે. ત્યારબાદ પ્રવેશપત્ર સ્વીકારવામાં આવશે નહીં.

મહામાત્ર,

## ગુજરાતી ભાષામાં લખાયેલાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળાં પુસ્તકોને ઇનામ આપવાની યોજનાના નિયમો.

1 નીચે જણાવેલ ૧૧ સાહિત્ય પ્રકારો હેઠળ જેનો સમાવેશ થતો હોય તેવાં પ્રૌઢ માટેના પુસ્તકોના લેખકોને પ્રત્યેક સાહિત્ય પ્રકાર હેઠળ રૂા. ૫,૦૦૦-૦૦ નું પ્રથમ અને રૂા. ૩,૦૦૦-૦૦ નું દ્રિતીય એમ વધુમાં વધુ બાવીસ (૨૨) ઇનામો આપવામાં આવશે.

(૧) નવલકથા (૨) ટૂંકી વાર્તા (૩) નાટક-એકાંકી નાટક (૪) હાસ્ય વ્યંગય કટાક્ષ (૫) નિબંધ અને પ્રવાસ (૬) કવિતા (૭) વિવેચન (૮) સંશોધન, ભાષા-વ્યાકરણ (૯) આત્મકથા-રેખાચિત્ર-પત્ર, જીવનચરિત્ર- સત્યકથા (સંયુક્ત) (૧૦) લોકસાહિત્ય (૧૧) અનુવાદ.

2 જે પુસ્તકો ગુજરાતી ભાષાના ન હોય તેમ છતાં ગુજરાતને અને તેનાં સંસ્કૃતિ, કલા, ભાષા સાહિત્યને લગતાં હોય અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં હોય, તેવા પુસ્તકોને પ્રતિક પારિતોષિક અને એવોર્ડ ઓફ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે.

૩ નીચે દર્શાવેલ ચાર સાહિત્ય પ્રકારો હેઠળ જેનો સમાવેશ થતો હોય તેવા બાળકો માટે લખાયેલાં પુસ્તકોને પ્રત્યેક સાહિત્ય પ્રકાર હેઠળ રૂા. ૩,૦૦૦-૦૦ નું પ્રથ અને રૂા. ૨,૦૦૦-૦૦ નું દ્રિતીય ઇનામ આપવામાં આવશે. (૧) કાવ્ય (૨) વાર્તા (૩) નાટકો (૪) ચરિત્રાદિ.

૪ ઉપર્યુક્ત ઇનામો ચેક દ્વારા આપવામાં આવશે.

૫ આ સ્પર્ધા હેઠળ ઇનામ મેળવવા માટે રજૂ થયેલ પુસ્તક જાન્યુઆરીથી ડીસેમ્બર સુધીમાં છપાઇ પ્રસિધ્ધ થયેલું હોવું જોઇએ. પુનઃમુદ્રણ અને પ્રથમ આવૃત્તિ પછીના પ્રકાશનો સ્પર્ધામાં રજૂ થઇ શકશે નહીં.

૬ આ સ્પર્ધા ગુજરાત રાજય કે ગુજરાત રાજયની બહાર રહેતાં બધા લોકો માટે ખુલ્લી રહેશે. હયાત ન હોય તેવા લેખકોનાં પુસ્તકો સ્પર્ધામાં ભાગ લેવા પાત્ર ગણાશે નહીં.

૭ આ સ્પર્ધા માટે નક્કી કરેલા આવેદનપત્રો તથા નિયમોની નકલ મહામાત્રશ્રી, ગુજરાત સાહિતય અકાદમી, જુનુ વિધાનસભા ભવન, ત્રીજો માળ,ટાઉન હોલ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ પાસેથી મેળવીને તેમાં જરુરી વિગતો ભરી નિયત કરેલ છેલ્લી તારીખ સુધીમાં અકાદમીના કાર્યાલયને મળી જાય તે રીતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ મોકલી આપવા નિશ્ચિત તારીખ પછી મળેલા આવેદનપત્રો આપો આપ રદબાતલ ગણાશે. અધૂરી, અસ્પષ્ટ કે ખોટી માહિતીવાળાં આવેદનપત્રો રદબાતલ ગણાશે.

૮ આવેદનપત્ર સાથે પુસ્તકની બે નકલ મોકલવી. આ બે નકલ સ્પર્ધા માટે વિના મૂલ્યે આપવાની રહેશે.

૯ આ સ્પર્ધામાં એક જ લેખકને બાળવિભાગ અને પ્રૌઢ વિભાગમાં મળી કુલ પાંચ ઇનામોથી વધુ ઇનામો મળી શકશે નહીં. આ યોજના અકાદમીને તબદીલ થઇ તે અગાઉ સરકારશ્રી દ્વારા અપાયેલાં ઇનામો સહિત વધુમાં વધુ પાંચ ઇનામોથી વધુ ઇનામો મળી શકશે નહીં.

૧૦ પ્રૌઢ માટેના પુસ્તકોના વિભાગ ક્રમાંકઃ ૧૧ સિવાયના વિભાગના ભાષાંતર કે રૂપાંતર કરેલ પુસ્તક સ્પર્ધા માટે પાત્ર ગણાશે નહીં, પુસ્તક તદક્ન મૌલિક અને સ્વતંત્ર હોવું જોઇએ.

૧૧ આ સ્પર્ધા હેઠળ ઇનામો મેળવવા માટે રજૂ કરેલ પુસ્તક સ્વયંસંપૂર્ણ હોવું જોઇએ. જો કોઇપણ પુસ્તકના બે કે તેથી વધુ ભાગો ગ્રંથો કે ગ્રંથમાળા (સીરીઝ) રજૂ કરવી હશે અને તે દરેક ભાગ ગ્રંથ કે ગ્રંથમાળાના ટાઇટલ અલગ હશે, તો તેવા દરેક ભાગ ગ્રંથ કે સીરીઝમાંનું પુસ્તક અલગ અલગ પુસ્તક ગણાશે અને તે પ્રમાણે અલગ અલગ આવેદનપત્ર ભરીને મોકલવાનું રહેશે. જો કોઇપણ આવેદનપત્ર ઉપર્યુકત સ્પષ્ટતાને કારણે અનુરૂપ નહીં હોય તો તે આવેદનપત્ર રદ ગણાશે.

૧૨ જો એક પુસ્તક બાબતમાં લેખક તરફથી અને પ્રકાશક તરફથી આવેદનપત્ર મળ્યુ હશે તો તેમાંથી લેખકનું આવેદનપત્ર સ્વીકારવામાં આવશે અને પ્રકાશકનું આવેદન રદબાતલ ગણાશે. જો કે લેખક વતી પ્રકાશક આ સ્પર્ધામાં ભાગ લેવા પુસ્તક રજૂ કરવા માંગતા હોય તો તે લેખકની સંમતિ મેળવીને આવેદનપત્ર સાથે સામેલ રાખવું જરુરી છે. લેખક વતી રજૂ થયેલ પુસ્તકની ઇનામની રકમ લેખકને આપવામાં આવશે.

૧૩ આ સ્પર્ધાને લગતી તમામ બાબતોમાં અકાદમીની કાર્યવાહક સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે અને તે નિર્ણય હરીફો માટે બંધનકર્તા ગણાશે એ નિર્ણય બાબતોમાં કોઇ પણ પત્ર વ્યવહાર પરત્વે ધ્યાન આપવામાં આવશે નહીં.

૧૪ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે રજૂ કરેલ પુસ્તક કે આવેદનપત્ર પરત કરવામાં આવશે નહીં.

૧૫ આ સ્પર્ધામાં એક જ પુસ્તક બન્ને વિભાગમાં રજૂ કરી શકાશે નહીં. કોઇપણ એક વિભાગમાં જ રજૂ કરવાનું રહેશે. લેખકે જાતે જ વિભાગ અંગેનો નિર્ણય કરવાનો રહેશે.

૧૬ નિયમ-૮ મુજબ ઇનામ મળી ચુકયા હોય તેવાં લેખકનું સંયુકત લેખક તરીકે લખાયેલું પુસ્તક પણ સ્પર્ધામાં રજૂ કરી શકાશે નહીં.

૧૭ આ નિયમોની સાથે રાખવામાં આવેલ આવેદનપત્ર પુસ્તકની બે નકલ સાથે જરુરી વિગતો ભરીને મોકલી આપવું. નિયમ અકાદમીને પરત મોકલવાની જરુર નથી.

## આવેદનપત્ર

ગુજરાતી ભાષાના વિશિષ્ટ ગુણવત્તા ધરાવતા પુસ્તકોને ઇનામ આપવાની સ્પર્ધા :
(તા. ૧ જાન્યુઆરી ................. થી તા. ૩૧ ડીસેમ્બર, ............... સુધી )

૧ પુસ્તકનું શીર્ષકઃ

૨ લેખકનું નામ- ઉપનામઃ

કાયમી સરનામું

૩ પુસ્તક કયા વિભાગમાં રજૂ કર્યુ છે? (પ્રૌઢ / બાળ)

૪ પ્રૌઢ / બાળના કયા પેટા વિભાગઃ-

(પ્રકારમાં ) પુસ્તક રજૂ કર્યુ છે?

(સ્પર્ધા માટેના નિયમ (૧) અને (૨) પ્રમાણે વિભાગ ક્રમ સાથે જણાવવો)

(જો પુસ્તક અનુવાદિત હોય તો ) મૂળ લેખકનું નામઃ

મૂળ પુસ્તકનું શીર્ષકઃ

૫ પુસ્તક કયા વર્ષમાં પ્રગટ થયું છે? :

(તારીખ, માસ, વર્ષ જણાવવા )

૬ પુસ્તકના પ્રકાશકનું નામ /સરનામું

૭ લેખક વતી પ્રકાશકે પુસ્તક રજૂઃ

કર્યુ હોય તો લેખકની સંમતિ લીધી

છે? (સંમતિપત્ર સાથે સામેલ રાખવું)

૮ આ જ પુસ્તકને અન્ય કોઇ સ્પર્ધામાં

રજૂ કર્યુ છે? (ઇનામ મળ્યુ હોય તો તેની વિગત)

- આ સ્પર્ધાની શરતો અને નિયમો ક્રમાંકઃ (૧) થી (૧૭) મેં વાંચ્યા છે અને મને કબૂલ-મંજૂર છે.
- આ પુસ્તકને હું ઇનામની સ્પર્ધામાં રજૂ કરું છું. અને સ્પર્ધાના નિર્ણાયકનો નિર્ણય મને સ્વીકાર્ય છે.
- આવેદનપત્રમાં જણાવેલી હકીકત સંપૂર્ણ સાચી છે તેની હું પ્રમાણિકપણે ખાતરી આપું છું.
- મેં રજૂ કરેલા પુસ્તકની સામગ્રી અંગેની તમામ જવાબદારી મારી છે એમ સ્વીકારું છું.

તારીખ : ...............................
સ્થળ : ...............................

લેખકની સહી..........................

**(નોંધઃ- લેખક વતી પ્રકાશક આવેદનપત્ર ભરે તો લેખકની લેખત સંમતિ સાથે ઉપર્યુક્ત પ્રમાણપત્રો તેમાં સમાવિષ્ટ કરી લેવાના રહેશે.)**